ક્રમાંકઃ બ/જમન/ટે.૧૧/ ૫૧–૫૮ /૨૩–૨૪
નાયબ વન સરક્ષકશ્રીની કચેરી,
કચ્છ પશ્ચિમ વન વિભાગ,
અરિહંતનગર રોડ, ભુજ.
તા. ૦૬ /૦૬/૨૦૨૩.

પ્રતિ,
અધિકૃત અધિકારીશ્રી,
અદાણી ગ્રીન એનર્જી(એમપી) લી.
અદાણી હાઉસ,મીઠાખલી સીકસ રોડ,
નવરંગપુરા,અમદાવાદ–૩૮૦૦૦૯

<u>વિષયઃ–</u> Diversion of 3.8089 ha. for construction of 220 KV transmission line from Ratadiya PS to Bhuj PS 220 KV D/C line in favour of Adani Green Energy (MP) Limited in Kachchh District of Gujarat.

<u>સંદર્ભઃ–</u>
૧. ભારત સરકાર,પર્યાવરણ વન અને જલવાયુ પરીવર્તન મંત્રાલય, એકીકૃત ક્ષેત્રીય કાર્યાલય, ગાંધીનગરના પત્ર– No.6-GJB 083/2021-BHO Dt.- 30/10/2022.
૨. ભારત સરકાર,પર્યાવરણ વન અને જલવાયુ પરીવર્તન મંત્રાલય, ફારેસ્ટ કન્ઝર્વેશન ડીવીઝન,ન્યુ દિલ્હીના પત્ર– No.5-3/2011-FC(Vol-I) Dt.- 06/01/2022.
૩. અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, વિકાસ અને વ્યવસ્થા, ગુ.રા., ગાંધીનગરના પત્ર નં.– વમસ/૩૪/૧૧૪૫/બ/૬૭–૧૧૦/૨૦૨૩–૨૪, તા.૧૧/૪/૨૦૨૩
૪. એફ.સી.એ.હેન્ડબુક–૨૦૧૯ એન્ડ ફોરેસ્ટ કન્ઝર્વેશન રુલ્સ ૨૦૦૩( ગાઇડ લાઇન્સ એન્ડ કલેરીફીકેશન્સ)ના ચેપ્ટર–૧ ના મુદા નં.૧.૨૧–(ii)–એ.
૫. અત્રેની કચેરીના પત્રાંકઃ બ/જમન/ટે.૧૧/૬૧૮–૨૧/૨૦૨૨–૨૩ તા.૩૧/૦૩/૨૦૨૩
૬. અદાણી ગ્રીન એનર્જી (એમપી)લી.પત્રાંકઃAGEMPL/220KV/TL/FCA/3 તા.૩૧/૫/૨૦૨૩

જય ભારત સાથે જણાવવાનું કે,વિષયઅન્વયેની દરખાસ્ત માટે અત્રેના સંદર્ભ–૫ વાળા પત્રથી ડીમાન્ડ નોટ આપવામાં આવેલ હતી.જે સબબ આપના દવારા વેબ પોર્ટલ પર સદરહુ ડીમાન્ડ નોટ વિલંબથી અપલોડ થયેલ હોઇ અને તે સમયગાળા દરમ્યાન કામદારોના દૈનિક વેતન દરમાં વધારો થયેલ હોવાથી અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી,જમીન,ગુ.રા.,ગાંધીનગર દવાર સદરહુ ડીમાન્ડ નોટ રીજેકટ કરવામાં આવેલ અને લેબરના નવા દર રૂ.૪૪૧/– પ્રમાણે વળતર વનીકરણની સ્કીમની ગણતરી કરી રીવાઇઝ ડીમાન્ડ નોટ મેળવવા જણાવેલ છે.જે અન્વયે તેઓના દવારા સંદર્ભ–૬ વાળા પત્રથી અત્રે રીવાઇઝ ડીમાન્ડ નોટ આપવા રજુઆત કરેલ છે.

સૈધ્ધાતિક મંજુરીની શરતો પૈકીની શરતન નં. A(1) તથા B (3) મુજબ ડબલ ડીગ્રેડેડ ૮.૦૦ હે. વિસ્તારમાં વળતર વનીકરણ કરવા ૧૦ વર્ષ જાણવણી માટની સ્કીમના નાણા ભરપાઇ કરવા જણાવેલ છે તેમજ સ્પેશીફીક શરત નંબર (૨) મુજબ યુઝર એજન્સીએ પીનલ વળતર વનીકરણ ૨.૦૦ હે. માટેના નાણા ભરપાઇ કરવા જણાવેલ છે.આમ,ઉકત દરખાસ્તમાં કુલ ૧૦ હે.પાંખા અનામત વન વિસ્તારમાં વળતર વનિકરણ લેવાનું થાય છે.અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, વિકાસ અને વ્યવસ્થા, ગુ.રા., ગાંધીનગરના સંદર્ભપત્ર–૩ થી બિન કુશળ કામદારના દૈનિક વેતન દર રૂ.૪૪૧/– નકકી કરવામાં આવેલ છે.દરખાસ્ત ઉપલી કચેરીએ સાદર કરતી વખતે દૈનિક વેતન દર રૂ.૩૨૪.૫૦/– મુજબ વળતર વનીકરણની સ્કીમ બનાવવામાં આવેલ હતી.જે દૈનિક વેતન દરના તફાવતના ત્રિરાશી ગણતરી મુજબ પ્રતિ હેકટરના રૂ.૬,૨૧,૫૯૨.૨૭/– લેખે ૧૦.૦૦ હેકટરના <u>રૂ.૬૨,૧૫,૯૨૩/–</u> ભરવાના થાય છે.સૈધ્ધાતિક મંજુરીની શરત નંબર A(૪) મુજબ ટ્રાન્સમીશન લાઇનની નીચે રાઇટ ઓફ વે માં મેડીશનલ પ્લાન્ટનું વાવેતર કરવા માટે અત્રેથી મેડીશનલ પ્લાન્ટેશન માટેની ૩.૮૦૮૯ હે.

માટેની દૈનિક વેતન દર રૂા.૩૫૫.૩૦ મુજબ સ્કીમ બનાવેલ હતી.જે દૈનિક વેતન દરના તફાવતના ત્રિરાશી ગણતરી મુજબ શરત નંબર A(૪) અન્વયે રૂા.૨૧,૪૭,૯૮૮/- ભરવાના થાય છે.શરત નં.A(૨) મુજબ એન.પી.વી.ના સંદર્ભ-૨ અન્વયે પ્રતિ હેકટરના રૂા.૬,૭૦,૧૪૦/- લેખે ૩.૮૦૮૯ હે.ના રૂા.**૨૫,૫૨,૪૯૬.૨૪/-** થાય છે. તથા સ્પેશીયલ શરત નંબર (૧) મુજબ પાંચ ગણી એન.પી.વી ભરવાની થતી હોઇ તે મુજબ ગણતરી કરતાં એન.પી.વી.ના પાંચ ગણા રૂા.૧,૨૭,૬૨,૪૮૧.૨/- (૩.૮૦૮૯ x ૬,૭૦,૧૪૦ x ૫) તેમજ વાયોલેશન ૧૫/૧૦/૨૦૧૮ ના સમયગાળા દરમ્યાન થયેલ હોઇ ઓકટોબર-૨૦૧૮ થી આજદિન સુધી ગણતરી કરતા ચાર વર્ષ આઠ માસ (૫૬ માસ) નું ૧૨% પેટે સાદું વ્યાજ રૂા.૭૧,૪૬,૯૮૯.૩૬/- મળીને પીનલ એન.પી.વી.પેટે કુલઃ રૂા.૧,૯૯,૦૯,૪૭૦.૫૬/- (૧,૨૭,૬૨,૪૮૧.૨/- + ૭૧,૪૬,૯૮૯.૩૬/-) ભરવાના થાય છે.

આમ, વળતર વનીકરણની રકમ,પીનલ વળતર વનીકરણની રકમ,એન.પી.વી,પીનલ એન.પી.વી.ની રકમ,મેડીશનલ પ્લાન્ટેશનની રકમ કુલઃ રૂા.૩,૦૮,૨૫,૮૭૮/- (અંકે રૂપીયા ત્રણ કરોડ આઠ લાખ પચ્ચીસ હજાર આઠ સો ઇઠયોતેર પુરા) આ સાથે સામેલ ડીમાન્ડ નોટ મુજબ ઓનલાઈન વેબ-પોર્ટલ પર ભરપાઈ કરી, રકમ ભરપાઈ કર્યા અંગેની પ્રમાણીત પહોંચ અત્રેની કચેરીએ રજુ કરશો તથા સૈધ્ધાંતીક મંજુરીની અન્ય તમામ શરતોની સચોટ પણે પૂર્તતા કરી આ સાથે સામેલ નિયત નમુના મુજબનો મુદાસર પૂર્તતા અહેવાલ જરુરી પ્રમાણપત્રો/બાંહેધરીપત્ર સાથે અત્રેને દીન-૧૦ માં મોકલી આપશો. તેમજ શરત નં.(૨૭) મુજબ આપશ્રીએ "કમ્પ્લાયન્સ રીપોર્ટ" પરીવેશ પોર્ટલ પર ઓનલાઈન અપલોડ કરવાનો રહેશે, જેથી આપશ્રીની સદરહુ માંગણી અન્વયેની દરખાસ્ત બાબતે સત્વરે સક્ષમ સત્તાએથી આખરી મંજુરી મેળવવા માટેની આગળની કાર્યવાહી અત્રેથી હાથ ધરી શકાય. જે જાણ થવા વિનંતી.

(વાય.એસ.ઝાલા)
નાયબ વન સંરક્ષક
કચ્છ પશ્ચિમ વન વિભાગ,ભુજ

નકલ સાદર રવાનાઃ- અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, જમીન, ગુ.રા.ગાંધીનગર તરફ જાણ સારૂં.
નકલ સાદર રવાનાઃ- મુખ્ય વન સંરક્ષકશ્રી, કચ્છ વન વર્તુળ, ભુજ તરફ જાણ સારૂં.
નકલ રવાનાઃ રેન્જ ફોરેસ્ટ ઓફીસરશ્રી,નખત્રાણા-પૂર્વ રેન્જ તરફ જાણ તથા વિષયઅન્વયેની દરખાસ્તમાં જે તે સમયે તેઓની રેન્જમાં મોજેઃ મેડીસર ગામ વન વિસ્તારના સર્વે નંબર-૨૨ પૈકીમાં ૮.૦૦ હે.ની ડબલ ડીગ્રેડેડ વિસ્તારમાં વળતર વનીકરણની સ્કીમ બનાવવમાં આવેલ હતી જે વિસ્તારમાં ઉકતે જણાવ્યા મુજબ ૨.૦૦ હે. પીનલ વળતર વનીકરણ કરવાનો થતો હોઇ હજુ ૨.૦૦ હે. વિસ્તારનું સ્થળ પસંદ કરી લેન્ડ સ્યુટીબીલીટી સર્ટીફીકેટ, નકશા, કે.એમ.એલ ફાઇલ વગેરે દસ્તાવેજો સાથે દિન-૭ માં અહેવાલ કરવા વિનંતી છે.

Diversion of 3.8089 ha. for construction of 220 KV transmission line from Ratadiya PS to Bhuj PS 220 KV D/C line in favour of Adani Green Energy (MP) Limited in Kachchh District of Gujarat.

## Demand note for E - Portal

| | | | | |
|---|---|---|---|---|
| Government of India E - Portal | 1 | Name of Regional Office | : | Gandhinagar |
| | 2 | State/District/Forest Division to Which the proposal relates | : | Gujarat |
| | 3 | Name of User Agency, nature of proposal | : | Adani Green Energy (MP) Ltd. |
| | 4 | Extend of forest area involved | : | 3.8089 ha |
| | 5 | Whether original, or extention | : | Original |
| | 6 | If Extention of lease, pl clarify if proposal involves additional forest area, and if so, specify. | : | - |
| | 7 | Date of 1st stage clearance | : | Date:- 30/10/2022 |
| | 8 | Extend of CAMPA charges, head wise via | : | - |
| | | (a) Compensatory Afforastation (Condition No. A(1) 8.00 Ha. | : | 49,72,738 |
| | | (b) Additional CA | : | 0 |
| | | (c) Penal CA (Specific Condition No.2) 2.00 Ha. | : | 12,43,185 |
| | | (d) Catchment Area Treatment | : | 0 |
| | | (e) Wildlife Management Plan | : | 0 |
| | | (f) Additional charges for diversion of area falling under notified/protected areas | : | 0 |
| | | (g) Net Present Value : | : | 25,52,496.24 |
| | | (h) Penal NPV (Specific Condition No.1) | : | 1,99,09,470.56 |
| | | (I)Medicinal plantation in right of way under the transmission line (Condition No. A-4) | : | 21,47,988 |
| | | (J) Any other charges/Levies(pl specify) | : | 0 |
| | | **Total for Government of India** | : | **3,08,25,877.80** |

**» Kindly Go to E-portal and fill-up the amount.**

( Y S. Jhala )
Dy. Conservator of Forests
Kutch West Division-Bhuj